# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


==========================================================================

## અખબારી યાદી

તા. 02-04-2022

- કુડ એન્ડ ડ્રગ્સના અધિકારીઓને ડીસાના ધારાસભ્ય શ્રી શશીકાંત પડ્યાએ ધમકાવીને ડીસામા અખાદ્ય ચણાના વેપારીની પેઢી પર રેડ પાડતા અટકાવ્યા અને ભગાડી મુક્યા. – મનહર પટેલ
- સરકારી અધિકારીઓને ફરજના સ્થળથી ભગાડી મુકવાના ગુનામા તેમજ સતા અને પદનો ગેરઉપયોગ કરવા બદલ મા.ધારાસભ્યશ્રીને ધારાસભ્ય પદેથી દુર કરવામા આવે. – મનહર પટેલ

ગઇ કાલે ૧ એપ્રિલ ૨૦૨૨ ના રોજ ડીસાના સદગુરુ ટ્રેડીંગ કંપની ચણા ઉપર નોન એડેબલ કલર થી કોટીંગ કરવાની બાતમીના આધારે ૪ કુડ સેફટી ઓફિસર અને અન્ય એન્જીન્યિર સાથે તેનુ સેમ્પલ લઇને જથ્થો સાલ કરવા પહોચ્યા...

રાજ્ય સરકારના કુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓ મે. સદગુરુ ટ્રેડિંગ કુ. ડીસા ખાતે પાલનપુર ટીમ દ્વારા તપાસ કરતા ચણાને Non edible કલરથી કોટિંગ કરતા જોવા મળેલ. આથી નમૂના લીધેલ અને નમૂના લઇ જથ્થો જપ્ત કરવાનો હતો પરંતુ નમૂના સીલ કર્યા બાદ ધારાસભ્ય શ્રી શશીકાંત પંડ્યા સ્થળ ઉપર આવે છે અને ફૂડ સેફટી ઓફિસરને ધમકાવીને જથ્થો સીઝ કરવાની અને સેમ્પલના પેપર્સ ફાડી નાખે છે ઉપરાંત અધિકારીઓએ જે સેમ્પલ લીધા હતા તે નાશ કરવાનુ જણાવે છે અને ત્યા સુધી ફૂડ સેફટી ઓફિસરને જગ્યા બહાર જવા દીધા નહી અને રુમમા જ પુરીને મોબાઇલ લઇ લીધા, જે સેમ્પલ લીધા હતા તેનો નાશ કર્યા બાદ જ ફૂડ સેફટી ઓફિસરને છોડશે એવી ધમકી આપી...તેમ છતા મોડી રાત સુધી અધિકારીઓએ પોતાની ફરજ બાબતે કડક હાથ કામ લેવા આગળ વધતા હતા પરંતુ મા.ધારસભ્યશ્રી તમામ હદ વટાવી ચુક્યા હતા અને અંતે ધાક ધમકીથી અધિકારીઓ ડરી ગયા અને અંતે તેમને ટેલિફોનિક ફરિયાદ ડીસા પોલીસ સ્ટેશને ફૂડ ઓફિસરને રક્ષણ આપવા લખાવેલ છે. પરંતુ ધારાસભ્ય શશીકાંત પડ્યાએ અંતે સેમ્પલ લેવા ન જ દીધા અને જથ્થો પણ સીઝ કર્યાઁ વગર સરકારી ટીમ પરત ફરી...

સતાધારી પક્ષના ધારાસભ્યશ્રી ખુલ્લે આમ રાજ્ય સરકારના ૫ અધિકારીઓને પોતાની સરકારી ફરજમા રુકાવટ કરેલ છે, અને જે પેઢીએ ચણામા નોન એડીબલ કલરનુ કોટીંગ કરીને જનતાના જીવ સાથે

ખીલવાડ કરે છે તેને બચવવા માટે ભાજપાના ધારાસભ્ય પોતાની રાજકીય સતા અને પાવર વાપરીને ગુનો કરનાર પેઢીનો બચાવ કરેલ છે, જે રાજય સરકાર માટે કલંક છે.

રાજ્યના મા. મુખ્યમંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ અંગે ગંભીર નોંધ લેઈને રાજ્ય સરકારના અધિકારીઓએ કે જે મે. સદગુરૂ ટ્રેડિંગ કુ.ડીસામા ચણાનો Non edible કલરથી કોટિંગ કરેલ જથ્થો સીલ કરવાની સરકારી કાર્યવાહીમા દખલ કરવા, અટકાવવા કે અધિકારીઓને ફરજના સ્થળથી ભગાડી મુકવાના ગુનામા તેમજ સતા અને પદનો ગેરઉપયોગ કરવા બદલ મા.ધારાસભ્યશ્રીને ધારાસભ્ય પદેથી દુર કરવામા આવે.

મા. આરોગ્યમંત્રીને મારો આગ્રહ છે કે ફરી સ્થળ ઉપર અખાદ્ય ચણાનો આશરે ૫૦૦ કીગ્રા જથ્થો સીલ કરી સેમ્પલ લઈને સરકારી રાહે ઉચિત કાર્યવાહી કરવામા આવે. ઉપરાંત આવા અનેક અખાદ્ય પદાર્થો જનતાના મોઢા સુધી ન પહોચે તેના માટે તંત્રને વધુ તાકાત આપવામા આવે અને કોઇપણ જનપ્રતિનિધિ સરકારી કાર્યમા રુકાવટ કે કનડગત ઉભી ન કરે તેની તકેદારી રાખવામા આવે..

આ તકે રાજ્ય સરકારના અધિકારીઓએ હિંમત દાખવીને આવા ભેળસેળીયા ઉત્પાદકોને શોધીને તેના સ્થળ ઉપર પહોચીને ઉચિત કાર્યવાહી કરીને ભેળસેળ યુકત ચણાના જથ્થાને જનતાનો ખોરાક થતો રોકવા માટે અભિનંદન પાઠવુ છુ.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવક્તા, ગુજરાત કોંગ્રેસ
**E mail : inc.manharpatel@gmail.com**